# કરુણા અને ઉદારતા

## શ્રીગુરુમાઈ સાથે એક પ્રસંગ

### શ્રી મુક્તાનંદ આશ્રમમાં થયેલા આનંદમય જન્મદિવસ ૨૦૧૭ના સત્સંગોમાંથી

ભારતમાં સ્થિત ગુરુદેવ સિદ્ધપીઠ આશ્રમમાં છ વર્ષ સુધી એક ગુરુકુળ વિદ્યાર્થીના રૂપમાં સેવા અર્પિત કર્યા પછી, સન ૧૯૯૧માં હું એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના સ્ટાફ સદસ્યાના રૂપમાં સેવા અર્પિત કરવા માટે શ્રી મુક્તાનંદ આશ્રમમાં આવી.

શ્રી મુક્તાનંદ આશ્રમમાં આવી તેના થોડા સમય પહેલાં જ મારા વ્યક્તિગત જીવનમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી હતી અને મારી બહુ ઇચ્છા હતી કે ગુરુમાઈજીને આના વિશે કહું. આ દરમ્યાન જ્યારે પણ હું ગુરુમાઈજી સાથે રહેતી, ત્યારે મેં ઘણીવાર આ વાત કહેવાની કોશિશ કરી, પણ કોઈક કારણસર હું તેમને કહી શકી નહીં.

હું આવી તેના થોડા મહિના પછી, આખરે હું ગુરુમાઈજીને કહી શકી કે મારા જીવનમાં શું થયું હતું.

ગુરુમાઈજીએ પૂછ્યું, ‘‘તેં મને પહેલાં કેમ ન કહ્યું?’’

મેં જવાબ આપ્યો, ‘‘ગુરુમાઈજી, હું પોતે જ સમજી શકતી નથી કે મેં આટલા વખતથી આ વાત મારા મનમાં કેમ રાખી?’’

ત્યારે ગુરુમાઈજીએ કંઈક એવું કહ્યું જે ખૂબ જ સુંદર હતું. તેમણે કહ્યું, “जब तुम्हें ऐसा लगे और तुम आगे आकर अपनी बात न बता पाओ तो पत्र लिखकर पूजा में रखो और प्रार्थना करो।” ‘‘જ્યારે તમને એવું લાગે અને તમે આગળ આવીને પોતાની વાત ન કહી શકો તો પત્ર લખીને પૂજામાં મૂકો અને પ્રાર્થના કરો.’’

થોડા મહિના પછી મેં પોતાને એવી પરિસ્થિતિમાં જોઈ જેમાં મેં ગુરુમાઈજીએ જેમ કહ્યું હતું એમ કરવાનું નક્કી કર્યું. હું ગુરુમાઈજીને ત્રણ પ્રશ્ન પૂછવા માંગતી હતી, પરંતુ હું એ નક્કી નહોતી કરી શકતી કે એ પ્રશ્ન પૂછું કે નહીં. તેથી, મેં એક પત્ર લખ્યો. એ પત્રમાં મેં મારા ત્રણ પ્રશ્ન એકદમ સ્પષ્ટતાથી અને ટૂંકમાં લખી દીધા. પછી એ પત્રને મેં મારી પૂજામાં મૂકી દીધો અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી.

બીજા દિવસે સવારે હું અનુગ્રહમાં સ્થિત અમૃત તરફ જઈ રહી હતી અને મેં જોયું કે સામેથી ગુરુમાઈજી મારી તરફ જ આવી રહ્યાં હતાં. જ્યારે તેમણે મને જોઈ, તો તેઓ મારી સામે આવીને ઊભા રહી ગયાં. તેમની આંખોમાં

એક ચમક હતી. તેમણે કહ્યું, ‘‘તો તને કેટલાંક પ્રશ્નો છે.’’ પછી તેમણે મારા ત્રણેય પ્રશ્નના જવાબ આપ્યાં — અને તેમણે જવાબ એ જ ક્રમમાં આપ્યાં જે ક્રમમાં મેં મારા પત્રમાં પ્રશ્ન લખ્યા હતા!

હું આશ્ચર્યચકિત રહી ગઈ. ગુરુમાઈજીએ મારી હૃદયની પ્રાર્થના સાંભળી લીધી હતી! આ અનુભવથી મને એ દઢ વિશ્વાસ થઈ ગયો કે હું જ્યાં પણ રહું, મારાં શ્રીગુરુ મારી સાથે છે. જ્યારે પણ હું તેમને પ્રાર્થના કરું છું, મારાં શ્રીગુરુ મારી પ્રાર્થના સાંભળે છે.

*વાણી અગ્રવાલ, એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન સ્ટાફ સદસ્યા*

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.